# ભારતનો સુર - અનંતમાં વિલીન

## નામ ગુમ જાયેગા ચહેરા યે બદલ જાયેગા... મેરી આવાઝ હી પહેચાન હૈ







આ અવાજ માત્ર હિન્દુસ્તાન નહીં પરંતુ સમગ્ર દુનિયા માટે એક મિસાલ હતો તે અવાજના પડઘા ગઈકાલે શમી ગયા. જી હા ! ૨૮ સપ્ટેમ્બર ૧૯૨૯ના દિવસે જન્મેલા લતા મંગેશકરજી ગઈકાલે અનંત યાત્રાએ ચાલ્યા ગયા. વસંતપંચમીના બીજા જ દિવસે પાનખર જાણે પ્રવેશી ગઈ. વસંત આવી પણ આપણી કોયલ ચાલી ગઈ. તેમનો જન્મ મધ્યપ્રદેશના ઈન્દોર શહેરમાં થયો હતો. તેમના પિતા દિનાનાથ મંગેશકર એક પ્રસિદ્ધ સંગીતકાર હતા. લતાજીનો જન્મ ઈન્દોરમાં હતો છતાં તેમનો ઉછેર મહારાષ્ટ્રમાં થયો હતો. લતા મંગેશકરનું બાળપણનું નામ હેમા હતું પરંતુ તેમના પિતાજીનું એક નાટક ભવબંધનના એક પાત્રનું નામ લતિકા હતું તેના ઉપરથી તેમનું નામ લતા પડ્યું. આ ઉપરાંત ગોવા પાસેના મંગેશી ગામના તેઓ વતની હતા જેને કારણે તેમની અટક મંગેશકર પડી. સૌપ્રથમ ૧૯૩૮માં સોલાપુરના નૂતન થિયેટરમાં તેમણે પબ્લિક પરફોર્મન્સ આપ્યું હતું. પિતાજીના મૃત્યુ પછી માત્ર ૧૩ વર્ષની ઉંમરથી આજીવિકાના સંદર્ભે તેઓ ઘણો સંઘર્ષ કરી ફિલ્મી ક્ષેત્રે આવ્યા હતા. શરૂઆતમાં કેટલીક મરાઠી તેમજ હિન્દી ફિલ્મોમાં અભિનેત્રી તરીકે અને ત્યારબાદ સંપૂર્ણપણે ગાયિકા તરીકે તેમણે પોતાની કારકિર્દી શરૂ કરી હતી. તેઓ જ્યારે પ્લેબેક સીંગીંગમાં આવ્યા ત્યારે નૂરજહાં, અમીરબાઈ કર્ણાટકી, અને રાજકુમારી જેવી ગાયિકાઓ દ્વારા સમગ્ર બોલીવુડ અભિભૂત હતું. આવા કપરા સમયે પોતાની અલગ ઓળખ બનાવવા માટે લતા મંગેશકરે ઘણી મહેનત કરી.



૧૯૪૮માં શશધર મુખર્જીએ તેમને 'શહીદ' ફિલ્મમાં ખૂબ પાતળો અવાજ છે તેમ કહીને ગાવાનો મોકો આપ્યો ન હતો. ત્યારે કોણ જાણતું હતું કે આ જ અવાજ પાછળ સમગ્ર દુનિયા પાગલ થવાની છે



અને આખરે તે સમય આવ્યો. ૧૯૪૯માં 'મહલ' ફિલ્મનું મધુબાલા ઉપર ફિલ્માવાયેલું "આયેગા... આયેગા.. આનેવાલા" ગીતથી લતા મંગેશકર અને મધુબાલા બંનેની સફળતાની શરૂઆત થઈ. લતાજી સ્વયં એક ઈન્ટરવ્યૂમાં કહે છે કે તેમના કોઈ ગોડફાધર હોય તો તેઓ ગુલામ હૈદર સાહેબ હતા. એક રસપ્રદ વાત એ પણ છે કે ફિલ્મફેર એવોર્ડ ૧૯૫૪માં શરૂ થયા પરંતુ ૧૯૫૯થી સર્વશ્રેષ્ઠ ગાયકની શ્રેણી શરૂ કરવામાં આવી. આ પુરસ્કાર ૧૯૬૭ સુધી પુરુષ અને મહિલા બંને માટે એક જ હતો. ૧૯૬૮ પછી પુરુષ અને મહિલા એમ અલગ અલગ પુરસ્કાર આપવાના શરૂ થયા. ૧૯૫૯થી ૧૯૬૭ સુધી આ પુરસ્કાર માત્ર મહિલા પુરસ્કાર લતા મંગેશકરને મળતા રહ્યા.

આપણે સહુ જાણીએ છીએ તેમ "એ મેરે વતન કે લોગો" ગીત ગાઈને પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુની આંખમાં આંસુ લાવી



દેનાર ગાયિકા લતા મંગેશકર હતા. ૧૯૫૫માં તેમણે એક મરાઠી ફિલ્મ "રામ રામ પવાહાલ્લનું સંગીત પણ આપ્યું હતું. આ ઉપરાંત તેમણે એક મરાઠી અને ૩ હિન્દી ફિલ્મો પ્રોડ્યૂસ પણ કરી હતી. એમ.એસ. સુબ્બલક્ષ્મી પછી તેઓ એકમાત્ર ગાયિકા હતાં જેમને "ભારતરત્ન" પ્રાપ્ત થયો હતો. તેઓ હંમેશા મીડિયામાં આવવાથી બચતા હતા. તેમજ ક્યારેય મેકઅપ કરવામાં માનતા નહોતા. તેમણે લગભગ ભારતની દરેક પ્રાદેશિક ભાષાઓમાં ગીતો ગાયા છે અને તેમના કુલ ગીતોની સંખ્યા ૫૦ હજારથી પણ વધુ થવા જાય છે. તેમણે ગુજરાતીમાં પણ સરસ ગીતો ગાયા છે. "માને તો મનાવી લેજો રે....", "દીકરી તો પારકી થાપણ કહેવાય...", "હંસલા હાલો ને હવે મોતીડા નહીં રે જડે...", "વૈષ્ણવજન તો...", "હે કાનુડા તારી ગોવાલણ...." જેવા અઢળાક ગુજરાતી ગીતો પણ તેઓએ ગાયા છે. યશ ચોપડા સાથે તેમનું ટ્યુનિંગ એવું હતું કે યશ ચોપરાની ફિલ્મોમાં લતાજી દ્વારા ચોક્કસસપણે ગીત ગવડાવવામાં આવે જ. મદનમોહન તેમના પ્રિય સંગીતકાર હતા. તેમની વચ્ચે ભાઈ-બહેનનો વિશુદ્ધ પ્રેમ હતો. નવા સંગીતકારોમાં તેમણે એ.આર.રહેમાનના સંગીત કમ્પોઝિશનમાં ખૂબ જ સુંદર ગીતો આપણને આપ્યા છે. "ઓ પાલનહારે...." (લગાન), એક તૂં હી ભરોસા...(પુકાર) અને લુકા છૂપી..(રંગ દે બસંતી)ને કોણ ભૂલી શકે... રંગ દે બસંતીના ડાયરેક્ટર રાકેશ ઓમપ્રકાશ મહેરાના જણાવ્યા મુજબ તેમણે જ્યારે આ ગીત માટે લતાજીને પૂછ્યું ત્યારે તેમણે તરત જ હા કહી. ૧૫ નવેમ્બરે આ ગીતના રેકોર્ડિંગ માટે તેમને ચેન્નઈ જવાનું હતું પણ તેઓ ૯ કે ૧૦ નવેમ્બરે જ ચેન્નઈ પહોંચી ગયા. ફિલ્મ દિગ્દર્શકને લાગ્યું કે તેઓ કોઈ બીજા કામથી વહેલાં આવ્યા હશે પરંતુ તેમણે જણાવ્યું કે તેઓ રિહર્સલ માટે વહેલા આવી ગયા છે. તેમણ ૩-૪ દિવસ ગીતનું રિહર્સલ કર્યુ અને છેવટે ૧૫મી નવેમ્બરે સતત ૮ કલાક સુધી ઊભા રહીને આ ગીતને રેકોર્ડ કર્યું. આટલી ઊંચાઈ પર પહોંચ્યા પછી અને આટલી ઉંમરે પણ તેઓની પોતાનાં કાર્ય માટેની નિષ્ઠા જોઈને આપણને પ્રેરણા મળે છે.

આ ઉપરાંત તેઓ ક્રિકેટના ખૂબ શોખીન હતા. ત્યાં સુધી કે લોર્ડ્સમાં તેમના નામની એક જગ્યા હંમેશા રાખવામાં આવતી.






**૧૯૨૯ ● ૨૦૨૨**



### લતાજીના ગુજરાતી ગીતોનો અમૂલ્ય ખજાનો...

૧ વહેલી પરોઢ નોં વાયરો
૨ એક રજકણ સુરજ
૩ મહેંદી તે વાવી માન્ડવે
૪ નયન ચકચૂર છે.
૫ મારા તેં ચિત નો ચોર
૬ મને ઘેલી ઘેલી જોઈ
૭ પાંદડું લીલું ને રંગ રાતો
૮ માઝમ રાતે
૯ હંસલા હાલોને
૧૦ રસ્તે રઝડતી વાર્તા
૧૧ ધરી કકું કંકન પાનેતર
૧૨ તારે રે ભરોસે
૧૩ રૂપલે મઢી છે રાત
૧૪ ના ના નહીં આવું
૧૫ જોઈ જોઈ થાકી
૧૬ ઘૂઘટે ઢાંકયું એક કોડિયું
૧૭ તને સાચવે પાર્વતી



Lata Mangeshkar શ્રી ૐ ૭૦૦૧:

101, PRABHU KUNJ
PEDDER ROAD,
MUMBAI - 400 026

પૂજનિય હીરા બા,

આપના ચરણોમાં મારા સાદર પ્રણામ

ભગવાન શ્રી રામ ની કૃપા થી આપના સુપુત્ર અને મારા ભાઈ શ્રી નરેન્દ્ર ભાઈ મોદી ફરીવાર પ્રધાનમંત્રી બનવા બદલ અનેક અનેક શુભકામના.

આપના તેમજ શ્રી નરેન્દ્રભાઈ ના સાદગી પૂર્ણ જીવન નેં વંદન. શ્રી પ્રહલાદભાઈ શ્રી પંકજભાઈ તેમજ આપના સર્વ પરિવાર નેં ખુબ ખુબ શુભકામના કુશળ આરોગ્ય તથા દીર્ઘ આયુષ્ય માટે પ્રભુ નેં પ્રાર્થના.

હું આ પત્ર પ્રથમ વખત ગુજરાતી માં લખું છુ કંઈ ભૂલ ચૂક હોઈ તો ક્ષમા કરશો.

વંદેમાતરમ

લી
આપની દીકરી
લતા મંગેશકર
(લતા મંગેશકર)

5. 6. 2019

તેઓ સચિન તેંદુલકર અને સોનુ નિગમને પોતાના સંતાન સમજતા હતાં. પોતે તો પરિવારની જવાબદારીઓ વચ્ચે ક્યારેય ગૃહસ્થી વસાવી નહીં(કહેવાય છે કે એક અધૂરી કહાનીની જેમ રાજસિંહ ડુંગરપુર સાથે જીવનના એક વળાંક પર તેમની આ પ્રેમકથા અટકી ગઈ હતી) પરંતુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના ઘણા લોકો સાથે તેમનો આત્મીય સંબંધ હતો. તેઓ રેકોર્ડિંગ સમયે સફેદ સાડી પહેરવાનું પસંદ કરતા અને રેકોર્ડિંગ સમયે ક્યારેય ચપ્પલ પહેરતાં નહીં.

તમે જાણો છે ? ૯૨ વર્ષની વયે જે સ્વરસામ્રાજ્ઞીને આપણે ગુમાવ્યા છે, તેમને કદાચ આપણે ૧૯૬૩માં જ્યારે તેઓ માત્ર ૩૩ વર્ષના હતા ત્યારે જ ગુમાવી બેસત. તેમને ધીમું ઝેર આપીને મારી નાખવાનું કાવતરું રચાયું હતું. ત્યાર પછી ત્રણ વર્ષ સુધી તેઓ માંદા રહ્યાં. ત્યારબ્બાદ ઘણા સમય પછી હેમંતકુમાર તેમને ઘરેથી સ્ટુડિયો લઈ આવ્યા અને "કહીં દીપ જલે કહીં દિલ.." ગવરાવ્યું. તેમનાં આ નાજુક સમય દરમિયાન મજરુહ સુલતાનપુરી તેમના ઘરે રોજ આવતા તેમના ભોજનને પહેલાં પોતે ચાખતા અને ત્યારબાદ જ



લતાદીદીને આપતા. લતાતાઈ, લતાદીદી જેવાં હુલામણા નામે ઓળખાતા લતાજીને એવું લાગતું કે તેમનો અવાજ સાયરાબાનુને વધુ મેચ થાય છે.

પુ.લ.દેશપાંડે કહે છે કે, "મને જો કોઈ પૂછે કે 'આકાશમાં ભગવાન છે'? તો હું કહીશ કે 'મને ખબર નથી. હું તો એટલું જ જાણું કે આ આકાશમાં સૂર્ય છે, ચન્દ્ર છે અને લતાનો અવાજ છે".

દાદાસાહેબ ફાળકે પુરસ્કાર, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ, ભારતરત્ન જેવા પુરસ્કારોને પોતાના નામ થકી ઉજળા કરનાર લતા



મંગેશકર એક દંતકથા સમાન વ્યક્તિત્વ બની રહેવાનું છે. ક્યારેક ક્યારેક એમ લાગે કે ઉપરવાળાએ આવા અનમોલ અને અજોડ વ્યક્તિત્વોને અને ખાસ કરીને આવા કલાકારોને અમરત્વ જ બક્ષવું જોઈએ. કારણ કે તેમની ઉપસ્થિતિ માત્રથી જ આપણા જેવા કેટલાય લોકોને એક ઉર્જા પ્રાપ્ત થતી હોય છે. પણ પાછું યાદ આવી જાય કે "નામ ગુમ જાયેગા....ચેહરા યે બદલ જાયેગા...મેરી આવાઝ હી પહેચાન હે...ગર યાદ રહે..." લતાજીની ઉપસ્થિતિ તો જ્યાં સુધી નાદબ્રહ્મ છે ત્યાં સુધી રહેવાની છે. અને નાદ તો શાશ્વત છે..તેવી જ રીતે લતાજી પણ તેમના અવાજથી ચિરંજીવી બની રહેવાના છે. તુ જહાં...જહાં ચલેગા...મેરા સાયા સાથ હોગા...

**સંકલન : ડો. જય ઓઝા**

